# અવસાનના કિસ્સામાં કિસ્સામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

અવસાનના કિસ્સામાં નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત એન.એસ.ડી.એલમાંથી રકમ પરત મેળવવા માટે અત્રે જણાવ્યા મુજબ દરખાસ્ત તૈયાર કરી બે નકલમાં મોકલી આપવા.

1 **નોમીની/વારસદાર પાસેથી 103 GD ફોર્મ મેળવવુ (આ ફોર્મ ઓનલાઇન નહી પરંતુ પેનથી ભરવુ):**
   - વિગતો નોમીની/વારસદાર પાસે ભરાવવી
   - ફોર્મમાં ફોટા પર નોમીની/વારસદારે સહિ કરવી., બાજુમાં આપેલા ખાનામાં નોમીની/વારસદારે સહિ કરવી (પાના નં. 3)
   - Advance stamp receipt માં 1રૂ.નો રેવન્યુ સ્ટેમ્પ લગાવી તેના પર નોમીની/વારસદારે સહિ કરવી. (પાના નં. 3)
   - પાના નં. 3 પર DDO (Drawing & Disbursing Officer) ના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.
   - Page no. 4 પર સાક્ષીની સહિ લેવી, તેની બાજુમાં નોમીની/વારસદારે સહિ કરવી.

2 **આ સાથે સામેલ KYC Certificate ભરી બે નકલમાં** DDO(Drawing & Disbursing Officer)ના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.

3 **No Objection Certificate** નુ ફોર્મ આ સાથે સામેલ કરલ છે જે વિગતો ભરી DDO (Drawing & Disbursing Officer) ના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.

4 **અવસાન** નો દાખલો આપવો. (રજીસ્ટ્રાર ઓફ બર્થ એંડ ડેથ દ્રારા ઇસ્યુ કરાયેલ).

5 **નોમીની/વારસદારની** બેંક એકાઉન્ટ ની પાસબુકની સ્વપ્રમાણીત નકલ અથવા કેન્સલ ચેક સામેલ રાખવો. (જેમાં વ્યક્તિનું નામ, બેંક એકાઉન્ટ નંબર તથા IFSC કોડ સામેલ હોય)

6 **નોમીની/વારસદારની ઓળખ તથા રહેઠાણના પુરાવા માટે નીચેમાંથી કોઇ બે પ્રમાણીત નકલ** જેમાં એક નકલ ફોટાવાળી હોવી જરૂરી છે.
   - આધારકાર્ડ
   - મતદાન ઓળખપત્ર
   - ડ્રાઇવિંગ લાઇસન્સ.
   - પાસપોર્ટ
   - રેશનકાર્ડ
   - પાનકાર્ડ
   - ફોટો કેડીટ કાર્ડ
   - એક્સ સર્વીસમેન કાર્ડ
   - કચેરી દ્રારા ઇસ્યુ કરવામાં આવેલ ઓળખપત્ર
   - MP/MLA દ્રારા ઇસ્યુ કરવામાં આવેલ ફોટા સાથેનું ઓળખ અંગેનું પ્રમાણપત્ર
   - નરેગા અંતર્ગત ફાળવેલ જોબકાર્ડની નકલ

Scanned with CamScanner

7 જે કિસ્સામાં NSDLનાં PRAN નાં રેકર્ડમાં વારસાઇ નોંધાયેલ ન હોય અથવા વારસાઇમાં કોઇ ફેરફાર થતો હોય, તેવા કિસ્સામાં મામલતદાર/એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા ઇસ્યુ કરાયેલ "વારસાઈ પ્રમાણપત્ર" મેળવી સામેલ રાખવું.

8 જે કિસ્સામાં NSDLનાં PRAN નાં રેકર્ડમાં અથવા ઉપર મુજબના "વારસાઈ પ્રમાણપત્ર"માં એક કરતા વધારે નોમીની/વારસદાર પુખ્ત (૧૮ વર્ષથી મોટા) હોયતો;

- **Relinquishment Deed** આ સાથે સામેલ નમુના મુજબ ``રૂ।.૧૦૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર પર એફિડેવીટ કરાવી મોકલી આપવું. (અન્ય પુખ્ત વયના વારસદાર દ્વારા કરાવવું)
- **Indemnity bond** આ સાથે સામેલ નમુના મુજબ ``રૂ।.૧૦૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર પર એફિડેવીટ કરાવી મોકલી આપવું. (ક્લેઇમ કરી રહેલ વારસદાર દ્વારા કરાવવું)

9 જે કિસ્સામાં NSDLનાં PRAN નાં રેકર્ડમાં અથવા ઉપર મુજબના "વારસાઈ પ્રમાણપત્ર"માં કોઇ નોમીની/વારસદાર સગીર (૧૮ વર્ષથી નાના) હોયતો તેમનો જન્મનો દાખલો. (રજીસ્ટ્રાર ઓફ બર્થ એંડ ડેથ દ્વારા ઇસ્યુ કરાયેલ) અથવા સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ (જન્મ તારીખ હોય તેવુ) સામેલ રાખવું.

Scanned with CamScanner